# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-10-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ

**સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતના સંરક્ષણ નેટવર્કમાં ઘૂસણખોરીના પાકિસ્તાનના પ્રયાસોને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવવા બદલ ભારતીય સશસ્ત્ર દળોની પ્રશંસા કરી છે. સંરક્ષણ મંત્રીએ આજે ભુજમાં લશ્કરી સ્ટેશન ખાતે શસ્ત્ર પૂજા કરી હતી.**

**આ પ્રસંગે સશસ્ત્ર દળોને સંબોધતા તેમણે કહ્યું કે, "પાકિસ્તાને લેહથી સરક્રીક સેક્ટર સુધી ભારતની સુરક્ષામાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતીય સૈન્યએ ઝડપી અને અસરકારક જવાબથી વિશ્વને સ્પષ્ટ સંદેશ પણ આપ્યો છે કે ભારત પોતાની પસંદગીના સમયે, સ્થળ અને રીતે ભારે જાનહાનિ પહોંચાડી શકે છે."**

**(બાઈટ.... રાજનાથ સિંહ)**

**સંરક્ષણ મંત્રીએ ધ્યાન દોર્યું કે આઝાદીના 78 વર્ષ પછી પણ પાકિસ્તાન સર ક્રીક સેક્ટર પર વિવાદ ચાલુ રાખે છે, જ્યારે ભારતે વાતચીત દ્વારા આ મુદ્દાને ઉકેલવા માટે વારંવાર પ્રયાસો કર્યા છે. તેમણે એમ પણ કહ્યું કે સર ક્રીક સેક્ટરમાં કોઈપણ પાકિસ્તાની હરકતનો નિર્ણાયક જવાબ આપવામાં આવશે. તેમણે કહ્યું કે, "જો પાકિસ્તાન સર ક્રીક સેક્ટરમાં કોઈ કાર્યવાહી કરવાની હિંમત કરશે, તો તેનો જવાબ એટલો ગંભીર હશે કે તે ઇતિહાસ અને ભૂગોળ બંને બદલી નાખશે. 1965માં ભારતીય સેનાએ લાહોર પહોંચીને હિંમત દર્શાવી હતી અને 2025માં પાકિસ્તાને યાદ રાખવું જોઈએ કે કરાચીનો રસ્તો પણ ક્રીકમાંથી પસાર થાય છે."**

રાજનાથ સિંહે સેના, નૌકાદળ અને વાયુસેનાની એકતાની પણ પ્રશંસા કરી તેમને ભારતની રાષ્ટ્રીય સુરક્ષાના ત્રણ મજબૂત સ્તંભ ગણાવ્યા હતા.

આ પ્રસંગે સંરક્ષણ મંત્રીએ વ્યૂહાત્મક ખાડી વિસ્તારમાં ટાઇડલ ઇન્ડિપેન્ડન્ટ બર્થિંગ ફેસિલિટી અને જોઈન્ટ કંટ્રોલ સેન્ટરનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું હતું. આ સુવિધાઓ સંકલિત દરિયાકાંઠાના કામગીરી માટે મુખ્ય સક્ષમકર્તા તરીકે સેવા આપશે અને સંયુક્ત ઓપરેશનલ ક્ષમતાઓ, દરિયાકાંઠાની સુરક્ષા સંકલન અને કોઈપણ ખતરાનો ઝડપી પ્રતિભાવ નોંધપાત્ર રીતે વધારશે.

કાર્યક્રમમાં આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, સધર્ન આર્મી કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠ, સહિતના લશ્કરના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, આજે સંરક્ષણ મંત્રી લક્કીનાળા ખાતે શસ્ત્ર પૂજન કરી સુરક્ષા કવાયત નિહાળવાના હતા પરંતુ ખરાબ હવામાનના કારણે તેમનો આ કાર્યક્રમ સ્થગિત રહ્યો હતો.

---------------------------------------------------------------------------------

## આર્મી ચીફ ઉપેન્દ્ર દ્વિવેદી

સંરક્ષણ મંત્રીની મુલાકાતને પગલે ભુજ આવેલા આર્મી ચીફ ઉપેન્દ્ર દ્વિવેદીએ કચ્છમાં ઓપરેશન સિંદૂર દરમિયાન સેનાની વિવિધ પાંખ સાથે જિલ્લા વહીવટીતંત્રની શ્રેષ્ઠ કામગીરી અને સંકલનને બિરદાવ્યું છે. આર્મી ચીફે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સેનાની વિવિધ પાંખોને સહયોગ, સમયસૂચકતા મુજબ બ્લેકઆઉટ માટે મદદ, મોકડ્રીલથી જનજાગૃતિ તેમજ અન્ય જરૂરી સહયોગને પ્રસંશનીય ગણાવ્યો હતો. તેમણે ઓપરેશન સિંદૂર દરમિયાન પ્રશંસનિય કામગીરી બદલ જીલ્લા કલેકટર આનંદ પટેલ, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષ વિકાસ સુંડા તેમજ જિલ્લા વહીવટીતંત્રની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

---------------------------------------------------------------------------------

## વિજયા દશમી

આજે વિજયાદશમી પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. વિજયાદશમીના દિવસે શસ્ત્ર પૂજનની પરંપરા અનુસાર, પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા પોલીસ હેડ ક્વાર્ટર ખાતે પોલીસ વડા દ્વારા શસ્ત્રો અને અશ્વનું પૂજન દ્વારા કરવામાં આવ્યું હતું. જીલ્લાના વિવિધ પોલીસ મથકો ખાતે પણ શસ્ત્રપૂજનના કાર્યક્રમો યોજાયા હતા.

**--------------------------------------------------------------------------------------------**

## રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીની 156મી જન્મ જયંતી

આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની **156**મી જન્મજયંતિ નિમિતે સમગ્ર રાષ્ટ્ર દ્વારા ભાવપૂર્ણ રીતે યાદ કરી અંજલિ આપવામાં આવી. આજનો દિવસ વૈશ્વિક સ્તરે વિશ્વ અહિંસા દિવસ તરીકે મનાવવામાં આવી રહ્યો છે. કચ્છમાં પણ આજે વિવિધ કાર્યક્રમો સાથે મહાત્મા ગાંધીજીને શ્રન્ધાંજલિ આપવામાં આવી. ગાંધીજીની કચ્છયાત્રાના શતાબ્દી વર્ષની પણ ઉજવણી થઈ રહી છે. એના ભાગરૂપે આજે ભુજમાં વિજયરાજી પુસ્તકાલય ખાતે ગાંધી કચ્છ યાત્રા પ્રદર્શન ખુલ્લું મુકવામાં આવ્યું છે.

**--------------------------------------------------------------------------------------------**

## આકાશવાણી ભુજ સ્થાપના દિન

આજે આકાશવાણી ભુજનો **60**મો સ્થાપના દિવસ છે. **60** વરસ પહેલાં **1965** ની બીજી ઓકટોબરે ગાંધી જયંતિ દિને આકાશવાણી ભુજના પ્રારંભ સાથે કચ્છમાં પ્રસારણક્ષેત્રે મહત્વનાં પગરણ મંડાયા હતા.જેનો વિધિવત પ્રારંભ **10** મી ઓક્ટોબરે તત્કાલિન માહિતી પ્રસારણ મંત્રી શ્રીમતિ ઇન્દિરા ગાંધીના ધ્વનિમુદ્રિત મંગલ પ્રવચન સાથે થયો હતો. આ કેન્દ્રએ છ દાયકની સફરમાં માનવસર્જિત અને કુદરતી આપતિના સમયે તેની ઉપયોગિતા પુરવાર કરી છે.

**--------------------------------------------------------------------------------------------**

## વરસાદ

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને લો પ્રેશર સિસ્ટમના કારણે કચ્છ સહિત રાજયમા વરસાદી માહોલ છવાયો છે. આજે જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું તો કેટલાક સ્થળોએ ઝરમરથી ઝાપટા સ્વરૂપે વરસાદ વરસ્યો હોવાના સમાચાર છે.

જિલ્લા મથક ભુજમાં વહેલી સવારથી મેઘાવી માહોલ વચ્ચે ઝરમર સ્વરૂપે વરસાદ થયો હતો. ભુજ ઉપરાંત દેશલપર, માનકુવા, સુખપર સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદે હાજરી પુરાવી હતી. પૂર્વ કચ્છના અંજાર, ગાંધીધામ, ભચાઉ અને રાપર વિસ્તારમાં ક્યાંક ધૂપ છાંવ તો ક્યાંક ઝાપટા પડ્યા હતા. રાપર અને ભુજમાં વરસાદના પગલે બજારોમાં પુરજોશમાં પાણી વહી નીકળ્યા હતા. પશ્ચિમ કચ્છના નખત્રાણા લખપત અને અબડાસા તાલુકામાં મહદઅંશ વાદળછાયું વાતારવણ જોવા મળ્યું હતું. હવામાન વિભાગ દ્વારા આજે કચ્છમાં ભારે વરસાદ અંગેનું યેલો એલર્ટ આપવામાં આવ્યૂં છે.

જિલ્લા કન્ટ્રોલ રૂમમાંથી મળેલી વિગત અનુસાર આજે સવારે છ વાગ્યાથી લઇને સાંજના છ વાગ્યા સુધીમાં અંજારમાં **37** મિલીમીટર, નખત્રાણામાં **14,** ભચાઉમાં **28,** ભુજમાં **24,** મુન્દ્રામાં **5** અને રાપરમાં **30** મિલીમીટર વરસાદ નોંધાયો છે.

---------------------------------------------------------------------------------

## ક્રિકેટ

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની બે ટેસ્ટની શ્રેણીની પ્રથમ મેચ આજથી અમદાવાદ ખાતે શરૂ થઇ છે. વેસ્ટ ઈન્ડિઝની ટીમે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ૧૬૨ રનમાં ઓલઆઉટ થઇ ગઈ હતી. જેના જવાબમાં ભારતની ટીમે પ્રથમ દિવસની રમતના અંતે ૨ વિકેટે ૧૨૧ રન બનાવ્યા છે.

---------------------------------------------------------------------------------